---

# સરસ્વતીના મહેરબાન ફોજદારી ન્યાયધીશ પ્રથમ વર્ગનાં ન્યાયાલયમાં

---

**કુ.મેધાબેન મહેશકુમાર નવધરે, ફોજદારી ન્યાયધીશ પ્રથમ વર્ગ, સરસ્વતી**

(ચુકાદાની તારીખ : ૦૪–૦૬–૨૦૨૬)

ફોજદારી કેસ નંબર :– ૨૫૪/૨૦૧૯

આંક :–

| **ગુનાની વિગતો** | |
|---|---|
| પોલીસ સ્ટેશન | પાટણ તાલુકા પોલીસ સ્ટેશન |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | II–૫૨/૨૦૧૮ |
| ગુનો | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૨, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબ. |
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | શ્રી ડી.એમ. ઠક્કર |
| આરોપીઓ | (૧) પ્રજાપતી સાવન ઉર્ફે શ્રવણભાઇ મંગળભાઇ, ઉ.વ.૨૩, |

| | |
|---|---|
| | (૨) પ્રજાપતી દીપ ઉર્ફે દીપકભાઇ મંગળભાઇ, ઉ.વ.૧૮,<br>(૩) પ્રજાપતી ભાવનાબેન વા/ઓફ મંગળભાઇ, ઉ.વ.૪૫,<br>તમામ રહે.સાગોડીયા, તા.સરસ્વતી જી.પાટણ |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | શ્રી એ.એલ.દેસાઇ |

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૨૩–૧૨–૨૦૧૮ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૪–૧૨–૨૦૧૮ |
| આખરી અહેવાલની તારીખ | ૦૨–૦૫–૨૦૧૯ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૦૪–૦૬–૨૦૧૯ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૫–૦૨–૨૦૨૧ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૩૦–૧૦–૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૦૪–૦૬–૨૦૨૬ |
| સજાની હુકમની તારીખ (લાગ પડે તો) | -- |

**આરોપીની વિગતો**

| આ. નં. | આરોપીઓ ના નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | ક્યા ગુનાનો આક્ષેપ છે? | નિદોર્ષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ફો.કા.સં. ની કલમ ૪૨૮ મુજબ સુનવણી દરમ્યાન અટકાયત નો સમય |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રજાપતી સાવન ઉર્ફે શ્રવણભાઇ મંગળભાઇ, | –– | –– | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૨, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબ. | પુરતા પુરવાના અભાવે નિર્દોષ છોડ્યા | –– | –– |
| ૨ | પ્રજાપતી દીપ ઉર્ફે દીપકભાઇ મંગળભાઇ, | | | | | | |
| ૩ | પ્રજાપતી ભાવનાબેન વા/ઓફ મંગળભાઇ | | | | | | |

## :: ચુકાદો ::

### (૧) ફરિયાદપક્ષે ટૂંકમાં હકીકત તથા પોલીસ કાર્યવાહી :

આ કામે ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તથા સાહેદો તેમના ઘરે હાજર હતા અને ફરીયાદી પાણીની ચકલીની નવી લાઇન નાખવા સારુ લાઇન ખોડતો હતા તે વખતે આ કામના તહોદાર નં.૧ ફરીયાદીના ઘરમા ગયેલ તે વખતે ફરીયાદીની નાની બહેન રોશનબેન તેના ઘરમાં કામકાજ કરતી હોઇ તેની પાસે જતા સાહેદ રોશન બુમાબુમ કરતા ફરીયાદી તથા સાહેદ ઘરમાં ગયેલા અને તહોને ઘરમાથી બહાર કાઢતા તહો એકદમ ઉશ્કેરાઇ જઇ ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા તેના હાથમાનુ ધારીયુ ફરીયાદીને મારવા આવતા ફરીયાદી ખસી જતા ધારીયાનો હાથો માથાના કપાળના ભાગે વાગેલો તેમજ જમણા હાથે ફરીયાદીને ઈજા

કરી તથા સાહેદને તેના હાથમાનુ ધારીયુ ડાબા ખભાથી નીચે પાછળના ભાગે ઉંધુ મારી તથા સાહેદને જમણા હાથે આંગળી ઉપર ઈજા કરી ગડદા પાટુ નો માર મારી તહોમતદાર નં ૨,૩ નાઓ તહોમતદાર નં–૧ નુ ઉપરાણુ લઈ આવી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામા એક બીજાની મદદગારી કરી.મે.જી.મેજી સાના જાહેરનામા નો ભંગ કરી ગુનો કરેલ હોવાની ફરિયાદ પાટણ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે. સદર ગુનાના કામે ત.ક.અ.શ્રીએ તપાસનાં કામે જરૂરી પંચનામા કરી, સાહેદોના નિવેદન લીધેલ તેમજ આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૧(અ)૧ મુજબની કાર્યવાહી કરેલ અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાઈ આવતા આખરી અહેવાલ દાખલ કરેલ છે.

## (૨) ગુનાનું સંજ્ઞાન તથા તહોમતનામું :

મહે. પુરાગામી ન્યાયાધીશશ્રીએ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૨, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબના ગુના અંગે કોગ્નીઝન્સ લઈ સમનસ કાઢવાં હુકમ કરેલ. આરોપીઓ ન્યાયાલય સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવી સમજાવી આંક–૦૫ થી આંક–૭ આરોપીઓનો ગુનાની કબુલાત અંગે જવાબ નોંધવામાં આવેલ. આરોપીઓએ ગુનો કબૂલ કરવાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરૂધ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## (૩) ફરિયાદપક્ષ તરફે પુરાવો :

આરોપીઓએ તેઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો કબૂલ નહી કરતા ફરિયાદપક્ષે પુરાવો રજુ કરેલ.

### મૌખિક પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી જાકીર સ /ઓ વલીભાઈ સુમરા ની જુબાની | ૧૬ |
| ૦૨ | પંચસાહેદ સીધી રસુલભાઇ બચુભાઇની જુબાની | ૨૫ |
| ૦૩ | સાહેદ ઝુબેદાબેન વલીભાઈની જુબાની | ૪૬ |
| ૦૪ | સાહેદ રોસનબેન વલીભાઇ સુમરાની જુબાની | ૪૭ |
| ૦૫ | સાહેદ વલીભાઇ સુમારભાઈની જુબાની | ૪૮ |
| ૦૬ | સાહેદ શરીફાબેન રમજાનભાઈની જુબાની | ૫૦ |
| ૦૭ | સાહેદ અસ્માબેન જાકીરભાઈની જુબાની | ૫૧ |
| ૦૮ | સાહેદ અશ્વીનભાઈ મોહનભાઈ પંડયા ની જુબાની | ૫૨ |
| ૦૯ | સાહેદ ડો. અંકીતાબેન ગણપતભાઇની જુબાની | ૫૪ |
| ૧૦ | ત.ક.અધિકારી ખુશ્બુબેન ત્રીકમલાલની જુબાની | ૬૨ |
| ૧૧ | સાહેદ ડો. હાર્દીક ગોવિદભાઇની જુબાની | ૬૮ |
| ૧૨ | પંચસાહેદ પ્રકાશજી રામજીજીની જુબાની | ૮૧ |

### દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદ | ૧૭ |
| ૦૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૬ |
| ૦૩ | જાહેરનામુ | ૫૩ |
| ૦૪ | એક્ષરે | ૫૫,૫૭,૫૮ |
| ૦૫ | સારવાર સર્ટી. | ૫૬ અને ૫૯,૬૦ |

| | | |
|---|---|---|
| ૦૬ | ડેપ્યુટ હુકમ | ૬૩ |
| ૦૭ | સારવાર સર્ટી. | ૬૯ |
| ૦૮ | મારક હથિયારનું પંચનામુ | ૮૨ |

## (૪) વિશેષ નિવેદન :

સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ આરોપી સામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયેનુ વિશેષ નિવેદન પ્રશ્નોતરી સ્વરૂપે લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ તેમની વિરૂધ્ધના પુરાવાનો ઈન્કાર કરેલ છે, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવમાં સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિદોર્ષ છે અને તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે.

## (૫) દલીલો :

ફરિયાદપક્ષ તરફે વિ.અ.પી.પી.શ્રીની ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૧૪ મુજબ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદપક્ષે દલીલ કરેલ છે કે આ કામના ફરિયાદી તથા અન્ય સાહેદોએ ફરિયાદ મુજબની હકીકતને સમર્થન આપેલ છે તેમજ ડોકટર દ્વારા પણ ફરિયાદીની જુબાની તથા ઈજાઓ પુરવાર થયેલ છે તેથી આરોપીને સખત સજા કરવા અરજ કરેલ છે. જયારે આ કામે આરોપીઓના વિ.વકીલશ્રીએ આંક–૮૯ થી લેખિત દલીલો રજુ કરેલ છે અને વિશેષમાં આરોપીઓને સજા થાય તેવો કોઈ પુરાવો ન હોઈ આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ ગુજારેલ છે.

## (૬) મુદ્દા તથા તેના ન્યાયિક નિર્ણય :

સદર કામે રજુ થયેલ પુરાવા, કેસની હકીકત, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

| ક્રમ | મુદ્દા | ન્યાયિક નિર્ણય |
|---|---|---|
| ૦૧ | શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તથા સાહેદો તેમના ઘરે હાજર હતા અને ફરીયાદી પાણીની ચકલીની નવી લાઇન નાખવા સારુ લાઈન ખોડતો હતા તે વખતે આ કામના તહોદાર નં.૧ ફરીચાદીના ઘરમા ગચેલ તે વખતે ફરીચાદીની નાની બહેન રોશનબેન તેના ઘરમાં કામકાજ કરતી હોઇ તેની પાસે જતા સાહેદ રોશન બુમાબુમ કરતા ફરીયાદી તથા સાહેદ ઘરમાં ગયેલા અને તહોને ઘરમાથી બહાર કાઢતા તહો એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા તેના હાથમાનુ ધારીયુ ફરીયાદીને મારવા આવતા ફરીયાદી ખસી જતા ધારીયાનો હાથો માથાના કપાળના ભાગે વાગેલો તેમજ જમણા હાથે ફરીયાદીને ઈજા કરી તથા સાહેદને તેના હાથમાનુ ધારીયુ ડાબા ખભાથી નીચે પાછળના ભાગે ઉંધુ મારી તથા સાહેદને જમણા હાથે આંગળી ઉપર ઈજા કરી ગડદા પાટુ નો માર મારી તહોમતદાર નં ૨,૩ નાઓ તહોમતદાર નં– | નકારમાં |

| | | |
|---|---|---|
| | ૧ નુ ઉપરાણુ લઈ આવી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામા એક બીજાની મદદગારી કરી.મે.જી. મેજી.ના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૨, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? | |
| ૦૨ | શું હુકમ? | આખરી હુકમ મુજબ |

## (૭) નિર્ણય માટેના કારણો :

## (૭.૧) ગુનાના આવશ્યકત તત્ત્વો :

આ કામે આરોપીઓ સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મૂળભૂળ સિધ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામેનો ગુન્હો સાબિત ન થાય ત્યાં  સુધી તે નિર્દોર્ષ છે તેવું માનવું જોઈએ અને ફરિયાદપક્ષે આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદપક્ષના સકારાત્મક પુરાવાથી વ્યાજબી શંકાથી પરે સાબિત કરવું જોઈએ. ફરિયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનુ મૂલ્યાંકન કરતાં પહેલાં આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૨, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબના ગુનાઓ અંગેના આક્ષેપો છે. ત્યારે ફરિયાદપક્ષે આરોપી સામેનો ગુનો સાબિત કરવા માટે નીચે મુજબના તત્ત્વો સાબિત કરવા જોઈએ:

**ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૨–વ્યથા, હુમલો અથવા સદોષ અવરોધ કરવાની તૈયારી કર્યા બાદ અનધિકૃત ગૃહપ્રવેશ:** કોઈપણ વ્યકિત, અન્ય કોઇ વ્યકિતને વ્યથા કરવા અથવા તેનાં પર હુમલો કરવા અથવા તેને સદોષ અવરોધ કરવાની અથવા તેને વ્યથા, હુમલો કે સદોષ અવરોધનો ભય ઉભો કરીને અનધિકૃત ગૃહપ્રવેશ કરે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**આવશ્યક તત્વો:**

(૧) આરોપીએ પ્રવેશ કર્યો,

(૨) આવો પ્રવેશ અનધિકૃત ગૃહપ્રવેશ હતો,

(૩) આવો પ્રવેશ આરોપીએ કોઇ વ્યકિતને ઈજા કરવા માટે અથવા કોઈ વ્યકિત પર હુમલો કરવા માટે અથવા કોઈ વ્યકિતને સદોષ અવરોધ કરવા માટે કર્યો હતો અથવા તેવી વ્યક્તિને ઈજા, હુમલો કે સદોષ અવરોધનો ભય ઉભો કરીને કર્યો હતો.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫–સ્વૈચ્છાપૂર્વક મહાવ્યથા પહોંચાડવાની સજા:** કોઈપણ વ્યક્તિ, કલમ–૩૩૫ માં જણાવેલાં સંજોગોમાં હોય તે સિવાય, સ્વૈચ્છાપૂર્વક મહાવ્યથા પહોંચાડે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડને પાત્ર પણ થશે.

**આવશ્યકત તત્ત્વો:**

(૧) આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ નિપજાવ્યા,

(૨) આવું કૃત્ય આરોપીએ મહાવ્યથા પહોંચાડવાના ઈરાદે અથવા મહાવ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વૈચ્છાપૂર્વક કર્યુ હતુ.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩–સ્વૈચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજા:** કોઈપણ વ્યક્તિ, કલમ–૩૩૪ માં જણાવેલાં સંજોગોમાં હોય તે સિવાય સ્વૈચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બે માંથી કોઇ પ્રકારની કેદ અથજા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંન્ને સજા કરવામાં આવશે.

**આવશ્યકત તત્ત્વો:**

(૧) આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ નિપજાવ્યા,

(૨) આવું કૃત્ય આરોપીએ વ્યથા પહોંચાડવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વૈચ્છાપૂર્વક કર્યુ હતુ.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪–સુલહેભંગ કરવા ઉશ્કેરવાનાં ઈરાદાથી અપમાન:** ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈપણ વ્યક્તિ, ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને, તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈપ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંન્ને સજા કરવામાં આવશે.

**આવશ્યક તત્ત્વો:**

(૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યક્તિનું અપમાન કર્યુ.

(૨) તેમ કરીને તે વ્યક્તિ વ્યક્તિને ઉશ્કેરવા માંગતી હતી,

(૩) આરોપી જાણતો હતોકે તેમ થવાથી તે વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬–ગુનાહિત ધમકીની સજા:** કોઈપણ વ્યક્તિ, ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વિગેરે કરવાની હોય તો:** જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સતા વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્રહીનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંન્ને સજા કરવામાં આવશે.

**આવશ્યકત તત્ત્વો:**

(૧) આરોપીએ ફરિયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અનય વ્યક્તિ સાથે હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની ધમકી આપી,

(૨) આવી ધમકી ફરિયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂનબદ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુનો કરવા અંગેની હતી.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪–ગુનો આચરવામાં આવે ત્યારે મદદગારીની હાજરી:–** પોતે હાજર નન હોય અને પોતે કરેલ મદદગારીનના

પરિણામે થયેલાં જે કૃત્ય માટે મદદગાર તરીકે કોઈ વ્યક્તિ સજાને પાત્ર થાય તેવું કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે તેમ ગણાશે.

**ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫–કલમ ૩૭, ૩૯ અથવા ૪૦ હેઠળ નિયમ અથવા નિર્દેશોના ઉલ્લંઘન માટે દંડ :** જો કોઈ કાયદેસર રીતે કલમ ૩૭, ૩૯ તથા ૪૦ હેઠળ કરવામાં આવેલા આદેશનું ઉલ્લંઘન કરે છે અથવા તેના ઉલ્લંઘનને પ્રોત્સાહન આપશે, દોષિત ઠેરવવામાં આવશે, તેને નીચે મુજબની સજા થશે :

(૧) જો કલમ ૩૭, કલમ ૩૯ અથવા કલમ ૪૦ ની પેટા કલમ (૧) નીચે આદેશનું ઉલ્લંઘનને પ્રોત્સાહન આપવામાં આવ્યું હોય તો, એક વર્ષ સુધીની કેદની સજા, પરંતુ લેખિતમાં નોંધાયેલા કારણો સિવાય, ચાર મહિનાથી ઓછી નહીં અને દંડને પણ પાત્ર રહેશે.

(૨) જો ઉપરોકત આદેશ કલમ ૩૭ ની પેટા કલમ (૨) હેઠળ કરવામાં આવ્યો હોય તો, એક મહિના સુધીની કેદ અથવા સો રૂપિયા સુધીનો દંડ,

(૩) જો ઉપરોકત આદેશ કલમ ૩૭ ની પેટા કલમ (૩) હેઠળ કરવામાં આવ્યો હોય તો, દંડ સાથે જે એકસો રૂપિયા સુધીનો હોઈ શકે છે.

**(૭.૨) ફરિયાદપક્ષ દ્વારા રજુ થયેલ પુરાવો :**

આ કામે આરોપી વિરૂધ્ધ જે ગુનો કરેલાનો આક્ષેપ વ્યાજબી શંકાથી પરે પુરવાર થયેલ છે કે કેમ? તે નક્કી કરવા આ કામે રેકર્ડ ઉપર ફરિયાદપક્ષ દ્વારા રજુ થયેલ પુરાવા વંચાણે લેવાના રહે છે. જે નીચે મુજબ છે.

## (૭.૨.૧) ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદોનો પુરાવો :

**(૭.૨.૧.૧)** ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આ કામે સૌપ્રથમ **ફરિયાદી જાકીર સ/ઓ. વલીભાઈ સુમરાને આંક–૧૬ થી** સોગંદ ઉપર તપાસતા એવી હકકીત જણાવેલ છે કે, બનાવ આજથી બે વર્ષ પહેલા બનેલ. તેઓ સાગોડીયા ગામે તેમના પિતા, માતા તથા તેમની પત્ની તથા તેમની બેન, તેમજ બાળકો સાથે રહે છે. તેઓ બે ભાઈઓ છે. જેમાં તેઓ મોટા છે. તેઓથી નાનાભાઈનું નામ ઈકબાલભાઈ છે. તેઓને એક બહેન છે જેનું નામ રોશનબેન છે. બનાવ બપોરના ૩.૩૦ થી ૪.૦૦ વાગ્યાનાં ગાળે તેઓના ઘરે બનેલો તે વખતે તેઓ, તેમના માતા પિતા તેમજ તેમની પત્ની અને તેમની બહેન હાજર હતાં. તેમની બહેન રોશન ઘરમાં કામકાજ કરતી હતી. તે વખતે તેઓ પાણીની ચકલીની લાઈન ખોદતા હતા. તે વખતે પ્રજાપતી શ્રવણભાઈ મંગળભાઈ તેઓના ઘરમાં ઘુસી ગયેલા અને તેમની બેન રોશને બુમાબુમ કરેલી જેથી તેઓ તેમના માતા તથા પિતા ઘરમાં ગયેલાં, તે વખતે તેઓએ આરોપી શ્રવણભાઈ મંગળભાઈને બહાર કાઢવા જતાં એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવાં લાગેલો. જેથી તેઓએ ગાળો બોલવાની ના પાડતા શ્રવણજીએ તેના હાથમાનું ધારીયુ તેઓના માથામાં મારવા જતાં તેઓ ખસી ગયેલ. તેઓ ખસી જવાથી ધારીયાનો હાથો તેઓને માથામાં એટલે કે કપાળનાં ઉપરનાં ભાગે વાગેલો. તેઓને જમણા હાથે પણ વાગેલું પણ તેઓનુ શું વાગ્યુ તેનો ખ્યાલ રહ્યો નહી. ત્યારબાદ આ શ્રવણભાઈ એ તેમના પિતા વલીભાઈને પણ તેના હાથમાનું ધારીયાનો હાથો

ડાભા ખભાના નીચાના ભાગે મારેલો. તેમની માતા છોડાવા વચ્ચે પડતાં તેમને પણ જમણા હાથે વચ્ચેની આંગળી પણ ટચલી આંગળીની બાજુની આંગળી પર વાગેલું. ત્યારબાદ આરોપીનાં ભાઈ દિપકભાઈ તથા તેની બા ભાવનાબેન પણ આવી જતાં બધા ભેગા થઈ તેઓને ગડદા પાટુનો માર મારવા લાગેલાં અને વધારે મારથી તેમની પત્ની તેમજ તેમની ભાભી શરીફાબેન દોડી આવીને તેઓને છોડાવેલાં અને આ લોકો ત્યાંથી જતાં રહેલાં અને જતા જતાં પણ હવે ઘાટમાં આવશો તો જાનથી મારી નાખીશું. તેઓની ભાભી શરીફાબેને ૧૦૮ બોલાવતાં તેઓ બધા ૧૦૮ વાનાની અંદર ધારપુર સીવીલ હોસ્પીટલ દાખલ થયેલાં અને ત્યાં રાત્રે ૧૧ વાગે રજા આપી દીધેલી. આની ફરીયાદ તેઓએ ધારપુર સીવીલમાં પોલીસ રુબરું આપેલી, જે ફરિયાદમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે જેને આંક–૧૭ થી રજૂ કરેલ છે તેમજ આરોપીઓને તેઓ ઓળખે છે. તે પૈકી શ્રવણભાઈ એક હાજર હતા અન્ય હાજર નથી.

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર ફરિયાદીની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે, તેઓ ફર્નિચરની દુકાનમાં નોકરી કરે છે. તેઓ સવારે ૮/૩૦ થી ૯ વાગ્યે જાય છે અને પરત આવવાનું કંઈ નક્કી નથી હોતુ. તેઓના ભાઈ ઉસ્માભાઈ રીક્ષા ચલાવે છે જે સવારે ૮ થી ૯ વાગ્યે જાય છે અને પરત આવવાનો સમય નકકી નથી હોતો, બપોરનાં સમયે સ્ત્રી સભ્યો હાજર હોય છે અને તેઓ ભાઈઓ નોકરી ધંધે ગયેલાં હોય છે, તેઓ ખોદકામ કરતાં હતાં અને બનાવ ઘરમાં બનેલો, પાઈપ લાઈન ખોદતા હતાં તે કોદાળીથી ખોદતાં હતાં, બનાવ વખતે તેઓને લોહી આવેલું અને જેથી શર્ટ પલળી ગયેલું અને તે શર્ટ તેઓએ પોલીસને આપેલો નહી, આ બધુ વાગેલું

પણ તેઓ બેભાન થયેલ નહી, બનાવ આશરે અડધો કલાક ચાલેલો, બનાવ બનેલો તેની આજુબાજુ રહેણાંક ઘરો આવેલાં છે. બનાવ વખતે છોડાવા તેઓને તેઓના ઘરનાં માણસો આવેલાં અને થોડા ઘણા મહોલાનાં માણસો આવેલાં. એ વાતનો તેઓને ચોકકસ ખ્યાલ નથી કે કેટલા લોકોનું ટોળું ભેગું થયેલુ પરંતુ આશરે ૧૦ થી ૧૫ માણસો ભેગા થઈ ગયેલાં, બનાવ બન્યો ત્યારે તેઓ બધા ઘરમાં અંદર હતાં, તેઓનું ઘર અને આરોપીઓનાં ઘર વચ્ચે આશરે ૨૦૦ ફુટ જેટલું અંતર છે, તેઓના ઘરે વાતચીત કરતાં હોવ તો આરોપીનાં ઘરે સંભળાય નહી, તેઓના ઘરની બાજુમાં જ સાગોડીયા ગામનો આવવા જવાનો રસ્તો આવેલો છે, આ કામનાં આરોપીઓ તેઓના ઘર આગળથી નીકળતાં તે તેઓને પસંદ નહોતું, તેઓના ઘરથી ધારપુર જવાનો સમય આશરે ૧૫ થી ૨૦ મીનીટ જેટલો સમય લાગે, દવાખાનામાં તેઓ તથા તેઓના માતા પિતા ૩ જણ હાજર હતાં. ડોકટર સાહેબે તેઓની સારવાર પહેલાં લાગેલું તે બાબતે પુછપરછ કરેલી, ડોકટર સાહેબે બનાવ બાબતે પુછેલું તે તમામ બાબત બનાવની તેઓએ જણાવેલી, ફરીયાદ તેઓને વાંચી સંભળાવેલી, તેઓની સામે ભાવનાબેને પણ ફરીયાદ કરેલી. ભાવનાબેન તેઓના વિરુધ્ધ કરેલી ફરીયાદ ખોટી છે, બનાવ બન્યા પહેલેથી તેઓ આરોપીઓને ઓળખે છે અને તેઓને એકબીજાનાં ઘરે જવાનાં સંબંધ નથી. તેઓના ઘરની આગળ જાહેર રસ્તો આવેલ છે અને ત્યાં અવરજવર ચાલુ રહે છે, સમસુભાઇ ઇબાહીમભાઈ સીધીનો વાડો તેઓના ઘરની બાજુમાં આવેલો છે, બનાવ બનેલો ત્યારે સમસુભાઈ તેઓને છોડાવવા આવેલ નહી, જમણા હાથ તેઓને શુ વાગેલુ તે તેઓને ખબર નથી. બનાવ બાદ તેઓ સાગોડીયા ગામે રહે છે અને નોકરી ધંધો કરે છે અને આરોપીઓ પણ વાર તહેવારે આવે

છે, આ ફરીયાદ થયા પછી તેઓને અને આરોપીઓ સામ સામે ફરીયાદ થયેલી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ફરીયાદ બાદ તેઓએ આરોપીઓ વિરૂધ્ધ અરજી કરેલી. ડો.સાહેબ રૂબરૂ કોણે કારેલા તે તેઓએ લખાવેલ નથી. વધુમાં ફરિયાદીની ઉલટતપાસ ડીનાઈલ સ્વરૂપે કરવામાં આવેલ છે.

**(૭.૨.૧.૨)** સદર કામે ફરિયાદપક્ષના **સાહેદ વલીભાઇ સુમારભાઇને આંક–૪૮** થી સોગંદ ઉપર તપાસેલા છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે તેઓ સાગોડીયા મુકામે રહે છે અને માટીના માટલા બનાવવાનુ કામ કરે છે. તેઓને સંતાનમાં દિકરો જાકીર દિકરી રોસન અને તેમના દિકરાની પત્ની અસમાબેન અને તેમની પત્ની જુબીનાબેન તેઓ બધા સાથે રહે છે. બનાવ ૨૩.૧૨.૨૦૧૮ ના રોજ બનેલો તે દિવસે તેઓ તેમજ તેમનો દિકરો જાકીર પાણીની લાઈન નાખવા માટે બહાર ખાડો ખોદતા હતા તે વખતે પ્રજાપતી સાવન મંગલભાઈ આવેલો અને તેમની દિકરી રોસનબેન ઘરમાં કામ કરતી હતી તેની જોડે જતો રહેલો અને તેમની દિકરી રોસને બુમ પાડતાં તેઓ તથા તેમની પત્ની તથા તેમનો દિકોર ત્રણેય જણ ઘરમાં ગયેલા અને આ સાવને પકડીને ધક્કો મારીને બહાર કાઢેલો અને જેથી તે ઉશ્કેરાઇ જઇ ગાળો બોલવા લાગેલા અને તેઓએ ગાળો બોલવાની ના પડતાં તેના હાથમાંનુ ધારીયુ તેઓને ડાબા હાથના ખભાના નીચેના ભાગે ઉંધુ ધારીયુ મારેલું અને તેઓનો દિકરો જાકીર છોડાવવા જતાં જાકીરને માથાના ભાગે કપાળના ભાગે વાગેલ અને તેમની પત્ની ઝુબેદાને જમણા હાથે વાગેલ પરંતુ શુ વાગેલ એ ખબર નથી અને આ બખોળો સાંભળીને સાવનની મમ્મી ભાવનાબેન અને તેનો ભાઈ દિપક આવી ગયેલા અને આ બધાએ ભેગા મળીને તેઓને ગડદાપાટુનો

માર મારેલો અને એ વખતે તેમના દિકરાની વહુ અને ભત્રીજાની વહુ દોડીને આવેલા અને આ બધાને સમજાવેલા અને ઘરે કાઢેલા અને જતા જતા સાવને એવુ કીધેલુ કે, 'હવે જો ઘાટમાં આવીશ તો જાનથી મારી નાખીશ' અને ભત્રીજાની વહુએ ૧૦૮ માં ફોન કરેલો અને ૧૦૮ આવીને દવાખાને લઇ ગયેલી ફરીયાદ તેમના દિકરા જાકીરે આપેલી અને પોલીસે તેમનો જવાબ લીધલો આરોપી નં.૨ અને ૩ કોર્ટમાં હાજર હોય તેઓને ઓળખી બતાવેલ છે અને આરોપી નં. ૧ હાજર નથી જો હાજર હોત તો ઓળખી શકત હોવાનું જણાવેલ છે.

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે, તેઓ સિધ્ધપુર ચોકડી ઉપર બેકરી વેચવાનું કામ કરે છે, સવારમાં ૮ વાગે દુકાને આવે અને રાત્રે ૮ થી ૯ વાગે ઘરે જાય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવ વખતે માટલા બનાવવાનું કામ કરતા હતા. બનાવ વખતે તેઓ સુરેન્દ્રનગર વઢવણમાં કારીગર તરીકે માટલા બનાવવાનો કામ કરતા હતા અને બનાવ વખતે ઘરે આવેલ હતા અને બનાવ વખતે તેઓનો દિકરો સ્ટીલ ફર્નીચરની દુકાનમાં કામ કરતો હતો અને સવાર જાય અને સાંજે પાછો આવે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બનાવના દિવસે રવીવાર હોઇ ઘરે હતા. તેઓના ઘર આગળ જાહેર રસ્તો આવેલ છે અને માણસો તથા વાહનોનની અવરજવર હોય છે અને તેઓના ઘરની નજીક સીંધી સમસુભાઈનુ વરંડો આવેલ છે. બનાવ આસરે ૧૦ થી ૧૫ મીનીટ જેટલો ચાલેલો, તેઓને વાગેલ ત્યારે બુમાબુમ કરેલી અને ત્યા કેટલા માણસો ભેગા થયેલ તે તેઓને ખબર નથી. પોલીસ બનાવના બે ત્રણ દિવસ બાદ તેઓની પુછપરછ કરેલી, તેઓનો દિકરો પાણની પાઈપ માટે ખાડો

ખોદતો હતો, તેઓના અને આરોપીના ઘર વચ્ચે ચારસોથી પાંચસો મીટર જેટલું અંતર હશે. સરીફાબેન બનાવ બાદ આવેલ, તેઓને અને આરોપીઓ વચ્ચે બોલવાના સંબંધ નથી, આરોપી પક્ષ અને ફરીયાદી પક્ષ એક જ ગામમાં રહે છે અને પોત પોતાના ધંધા શાંતીથી કરે છે, તેઓ સરકારી દવાખાને ચારથી પાંચ કલાક રહેલા, તેઓ હિતેન્દ્રભાઈને ત્યાં બે થી ત્રણ દિવસ દાખલ રહેલા, ધારપુર તેમની સાથે તેમની ભત્રીજી સરીફાબેન આવેલી, ડોક્ટર સાહેબે ઝઘડા બાબતે પુછપરછ કરેલી. ભાવનાબેને તેઓના ઉપર ફરીયાદ કરેલી. તેઓના ગામથી ધારપુર જવા માટે અડધો કલાક લાગે. વધુમાં સાહેદની ઉલટતપાસ ડીનાઈલ સ્વરૂપે કરવામાં આવેલ છે.

**(૭.૨.૧.૩)** સદર કામે ફરિયાદપક્ષના **સાહેદ ઝુબેદાબેન વલીભાઇને આંક–૪૬** થી સોગંદ ઉપર તપાસેલા છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે, તેઓ સાગોડીયા મુકામે રહે છે અને ઘરકામ કરે છે. તેણીને સંતાનમાં દિકરો જાકીર દિકરી રોસન અને તેણીની દિકરાની પત્ની અસમાબેન અને તેણીના પતી વલીભાઇ તેઓ બધા સાથે રહે છે. બનાવ ૨૩.૧૨.૨૦૧૮ ના રોજ બપોરના સાડા ત્રણથી ચાર વાગ્યા વચ્ચે બનેલો તે દિવસે તેણી તેમના ઘરે હતી. તેણીનો દિકરો જાકીર પાણીની લાઇન નાખવા માટે બહાર ખાડો ખોદતા હતા તે વખતે પ્રજાપતી સાવન મંગલભાઈ આવેલો અને તેણીની દિકરી રોસનબેન ઘરમાં કામ કરતી હતી તેણે પાછળથી આવીને હાથ પકડેલો અને તેની મશ્કરી કરી જેથી તેણીની દિકરીએ રોસને બુમ પાડતાં તેણી તથા તેણીના તથા તેણીનો દિકરો ત્રણેય જણ ઘરમાં ગયેલા અને આ સાવનને ઠપકો આપતાં તેને ધારીયુ લઇને તેણીના દિકરા જાકીને માથામાં મારવા જતાં હાથો માથામાં

વાગેલો અને તેણીને જમણા હાથની આગળી ઉપર ધારીયુ મારેલુ અને તેણીના પતી વલીભાઈને ખભા ઉપર મારેલું અને તેણીના દિયર છોડાવવા આવેલ ત્યારે તેમને પણ વાગેલુ અને ત્યારબાદ સાવનની મમ્મી ભાવનાબેન અને તેનો ભાઈ દિપક આવેલો અને તેઓ ગડદાપાટુનો માર મારેલો અને તેણીની ભત્રીજાની વહુએ ૧૦૮ બોલાવેલી અને દવાખાને લઈ ગયેલા. ફરીયાદ તેણીના દિકરા જાકીરે આપેલી અને પોલીસે તેણીનો જવાબ લીધલો આરોપી નં.૨ અને ૩ કોર્ટમાં હાજર હોય તેઓને ઓળખી બતાવેલ છે અને આરોપી નં. ૧ હાજર નથી જો હાજર હોત તો ઓળખી શકત હોવાનું જણાવેલ છે.

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે, બનાવ વખતે તેઓ ઘરની અંદર હતા અને બનાવ ઘરની બહાર આંગણામાં બનેલ છે, તેઓની દિકરી રોસનની અને તેઓની પતીની જુબાની વખેત તેઓ કોર્ટમાં બેઠેલી અને તેઓ જુબાની સાંભળેલી, બનાવ વખતે તેઓનાભાઈ જાકીરે પાઈપ નાખવા માટે ખાડો ખોદેલ હતો, બનાવવાળી જગ્યાએ જાહેર રોડ આવેલ છે અને લોકોની અને સાધનની અવર જવર રહે છે, ભાવનાબેને તેઓના તથા તેઓના પતિ તથા તેઓના પુત્ર ઉપર ફરીયાદ કરેલી, તેઓને અને આરોપીઓ વચ્ચે બોલવાના સંબંધ નથી, આરોપી પક્ષ અને ફરીયાદી પક્ષ એક જ ગામમાં રહે છે અને પોત પોતાના ધંધા શાંતીથી કરે છે, તેઓના નિવેદનમાં છેડછાની કરીને હાથ પકડયાની હકીકત લખેલ નથી. વધુમાં સાહેદની ઉલટતપાસ ડીનાઈલ સ્વરૂપે કરવામાં આવેલ છે.

**(૭.૨.૨) સાહેદોનો પુરાવો :**

આ કામે ફરિયાદપક્ષ તરફે જે સાહદોને સોગંદ ઉપર તપાસતા તેઓએ નીચે મુજબની જુબાની અદાલત સમક્ષ આપેલ છે.

**(૭.૨.૨.૧)** સદર કામે ફરિયાદપક્ષના **સાહેદ રોસનબેન વલીભાઈ સુમરાને આંક–૪૭** થી સોગંદ ઉપર તપાસેલા છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે, તેણી બનાવ વખેત સાગોડીયા મુકામે રહેતી હતી. હાલ તેણી જુના ડીસા મુકામે રહે છે અને ઘરકામ કરે છે. સાગોડીયા મુકામે તેણીના માતા પિતા ભાઇ બહેન ત્યાં રહે છે અને ત્યાં તેણીનું પીયર છે. બનાવ વખતે તેણી ઘરમા હતી અને તેણીનો ભાઈ જાકીર તેમજ તેણીન ભાભી સરીફા તેમજ તેણીના માતા પિતા તેણીના ઘરની બહાર પાઈપ નાખતા હતા તે વખતે શ્રવણભાઇ મંગળભાઇએ તેણી ઘરમાં હતી ત્યારે ઘરમાં આવીને તેણીની છેડખાની કરી અને તેણીનો હાથ પકડેલો અને તેણીએ બુમા પાડેલી જેથી તેણીના ભાઇ અને તેણીના પપ્પા દોડીને આવેલા અને તેણીને છોડાવેલી અને ધક્કામુકી થયેલી અને ધકકામુકી થતા આ શ્રવણભાઇ ધારીયુ લઇને તેણીના ભાઇ જાકીરને મારવા આવેલા તેણીનો ભાઇ પાછો પડતાં તેણીના ભાઈને ધારીયાનો હાથો માથામાં વાગેલો તેમજ તેણીના પપ્પાને ડાબી સાઈડે ખભા ઉપર વાગેલું. તેમજ તેણીની મમ્મીને જમણા હાથની આંગળી ઉપર ફેકચર થયેલું. તેમજ આરોપી જતા જતા ધમકી આપતા ગયેલ અને કહેતો હતો કે, આજ તો બચી ગયેલો છો હવે પછી મળ્યા તો જાનથી મારી નાખીશ અને આ શ્રવણનો નાનોભાઈ દિપ ઉર્ફે દિપક તેમજ તેની મમ્મી ભાવનાબેન આવી ગયેલા અને આ લોકો આવીને ધમકી આપીને જતા રહેલા. આ સીવાય બીજુ

કંઈ બનેલ નહી અને ત્યારબાદ મોટા ભાભી સરીફાબેન ૧૦૮ બોલાવેલી અને દવાખાને લઈ ગયેલા. પોલીસે તેણીનું નિવેદન લીધેલુ. આરોપી નં.૨ અને ૩ કોર્ટમાં હાજર હોય તેઓને ઓળખી બતાવેલ છે અને આરોપી નં. ૧ હાજર નથી જો હાજર હોત તો ઓળખી શકત હોવાનું જણાવેલ છે.

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે, બનાવ વખતે તેણી ઘરની અંદર હતી અને બનાવ ઘરની બહાર બનેલ છે અને ઘરની અંદર હોવાથી તેઓ બનાવ જોયેલ નથી, તેણીની માતા બનાવ વખતે ઘરકામ કરતી હતી અને તે બનાવબાદ પાછળથી આવેલી, તેણીની ભાભી અસમાબેન પણ પાછળથી આવેલા, તેણીના અને આરોપીના ઘર વચ્ચે એક કી.મી જેટલો અંતર છે, તેઓના ઘરે અવાજ થતો હોય તો આરોપીના ઘરે સંભળાયે નહી, તેઓનો ભાઈ ઈકબાલ અને આરોપી બંને મીત્ર હતા, બનાવ વખતે તેઓના ભાઈ જાકીરે પાઈપ નાખવા માટે ખાડો ખોદેલ હતો, બનાવવાળી જગ્યાએ જાહેર રોડ આવેલ છે અને લોકોની અને સાધનની અવર જવર રહે છે, પોલીસે તેઓનું નામ અને સરનામું પુછેલ બીજુ કંઈ પુછેલ નહી, ભાવનાબેને તેઓના માતા પીતા અને ભાઈ ઉપર ફરીયાદ કરેલી, તેણી અને આરોપીઓ વચ્ચે બોલવાના સંબંધ નથી, આરોપી પક્ષ અને ફરીયાદી પક્ષ એક જ ગામમાં રહે છે અને પોત પોતાના ધંધા શાંતીથી કરે છે, તેણીના નિવેદનમાં છેડછાડની કરીને હાથ પકડયાની હકીકત લખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેણીએ લખાવેલ પણ તેમણે લખેલ નથી. વધુમાં સાહેદની ઉલટતપાસ ડીનાઈલ સ્વરૂપે કરવામાં આવેલ છે.

**(૭.૨.૨.૨)** સદર કામે ફરિયાદપક્ષના **સાહેદ શરીફાબેન રમજાનભાઇને આંક–૫૦ થી** સોગંદ ઉપર તપાસેલા છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે, તેઓ સાગોડીયા મુકામે રહે છે અને ઘરકામ કરે છે. બનાવ ૨૩.૧૨.૨૦૧૮ ના રોજ બપોરના સાડા ત્રણથી ચાર વાગ્યા વચ્ચે બનેલો તે દિવસે તેણી તેમના ઘરે હતી અને તેણીના દિયર પાઇપલાઇન લેતા હોઇ તેણી તેમની જોડે બેઠેલ હતી. તે વખતે શ્રવણ આવેલો અને તેણ ફઇ સાસુની છોકરી રોસનને ગાળો બોલતો હતો તેથી તેણીનો દિયર જાકીરે કીધેલુ કેમ ગાળો બોલે છે તેમ કહેતા તેણે આ શ્રવણભાઇ મંગલભાઇ પ્રજાપતિએ તેના હાથમાંનુ ધારીયુ જાકીરભાઇના માથે કપાળમાં મારેલુ. તે વખતે આરોપી શ્રવણના ભાઇ દીપક તેમજ તેની મમ્મી ભાવનાબેન આવેલા અને તેઓ પણ આવીને મારવા લાગેલા અને ધડમ ધડા કરેલી અને તેણીની કાકી સાસુ જુબેદાબેનને પણ હાથ ઉપર ધારીયુ મારેલ અને તેણીના કાકા સસરા ઉંધુ ધારીયુ જમણા ખભા ઉપર શ્રવણે મારેલુ અને આ ત્રણેય જણાઓએ ગડદાપાટુનો માર પણ મારેલો અને પબ્લીક પણ ભેળી થયેલી અને જગડો થતાં ૧૦૮ બોલાવેલી અને દવાખાને લઇ ગયેલા. પોલીસે તેણીનો જવાબ લીધલો.આરોપીઓ કોર્ટમાં હોજર છે તે જ છે.

જ્યારે બચાવપક્ષ ધ્વારા સદર સાહેદની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે, તેઓનું ઘર રોડની બાજુમાં આવેલુ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે,પતળી ગલી હોઇ લોકોની અવર જવર રહે છે. બનાવ વખતે તેઓના દિયર કામ કરતા હતા અને તેઓની પાસે સસલુ હોઇ તેઓ તેને રમાડતી હતી. તેઓ તેઓના દિયરની નજીક બેઠેલ હતી. બનાવ અડધો કલાક જેટલો ચાલેલો હશે, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કોઇ આવો એવી

બુમો પાડેલી હોબાળો સાંભળીને ૨૦ થી ૨૫ માણસો ભેગા થઇ ગયેલા, એ વખતે તેઓના દિયરે પાઇપલાઇન નાખવા ખાડો ખોદેલ હતો, ભાવનાબેને જાકીરભાઇ ઉપર ફરીયાદ કરેલી તેઓના ઘર અને આરોપીઓના ઘર વચ્ચે પચાસથી સાઇઠ ફુટ જેટલો હશે, તેઓના ઘરમાં જઘડો થયો હોય તે તેમના ઘરે સંભળાય નહી, બનાવ વખતે તેઓના કાકા સસરા પાટણમાં બેકરીનો ધંધો કરતા હતા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે તે વખતે ઘરે હતા. પાઇપલાઇન તેઓ ઘરથી ૧૦ થી ૧૫ ફુટ દુર ખોદાતી હતી, જુબેદાબેન કપડા ધોતા હતા, હાલમાં તેઓ પણ સાગોડીયા ગામમાં રહે છે અને આરોપી પણ સાગોડીયા ગામમાં રહે છે. તેઓએ ૧૦૮ ના ચાર વાગે ફોન કરેલો. બનાવ પછી પોલીસ તેઓ પાસે આવેલ નહી. વધુમાં ડીનાઈલ સ્વરૂપે ઉલટતપાસ કરવામાં આવેલ છે.

**(૭.૨.૨.૩)** સદર કામે ફરિયાદપક્ષના સાહેદ **અસ્માબેન જાકીરભાઈને આંક–૫૧ થી** સોગંદ ઉપર તપાસેલા છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે, તેણ સાગોડીયા મુકામે રહે છે અને ઘરકામ કરે છે. બનાવ વખતે તેણી તેમના સાસરે સાગોડીયા મુકામે સયુકત કુટુંબમાં રહેતી હતી. તેઓના ઘરે તેણી તથા તેણીના પતિ તથા તેણના સંતાન તથા સાસુ તથા સસરા તથા તેણીના દિયર તથા તેણીના નણંદ બધા રહેતા હતા. બનાવ સાડા ચાર વર્ષ પહેલા બનેલો બનાવ વખતે તેણી ઘરમાં હતી અને નાવા બેહેલી હતી અને બહાર તેણીના સસરાને તેમજ તેણીના પતિને મંગાભાઇ પ્રજાપતિ સાથે માથાકુટ જઘડો થયેલો તેણીએ જઘડો જોયેલ નથી તેણીના સસરાને દવાખાને લઇ ગયા બાદ તેણી ઘરમાંથી બહાર આવેલી તેણીના સસરાને મંગાભાઇએ અને તેમના

છોકરા સાવને મારેલા હોઇ એટલે દવાખાને લઈ ગયેલા જઘડો શુ બાબતે થયેલો તે તેણીને ખબર નથી. બહાર પાણીની પાઇપનુ કામ ચાલતુ હતુ જે તેણીના પતિ જાકીરભાઈ કરતા હતા તેણીના પતિ જાકીરને પણ માથામાં ધારીયુ માર્યાની ઈજા હતી તેણીના પતિ જાકીરને આ ધારીયુ સાવને મારેલાની હકીકત તેણીને પાછળથી તેણીના પતિ જાકીરે કરેલી અને ઝઘડામાં તેણીના સાસુ જુબેદાબેનને પણ હાથની આંગળી ઉપર ઈજા થયેલાનુ જાણેલુ કયા હાથે વાગેલુ એ ખબર નથી. આ ઝઘડામાં અને તેણીના પિતા સીવાય બીજુ કોણ હતુ તે હાલ યાદ નથી આ સીવાય બીજી કંઇ ખબર નથી. પોલીસે તેણીની પુછપરછ કરેલી. ફરીયાદ તેણીના પતિ જાકારભાઇએ આપેલી. આરોપીઓને તેણી ઓળખે છે. જે આરોપીઓ કોર્ટમાં હોજર છે તે જ છે.

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે, બનાવ વખતે ઘરમાં હતી બનાવ તેણીએ નજરે જોયેલ નથી.પોલીસે તેણીનું નામઠામ પુછેલુ બીજુ કંઇ પુછેલુ નહી, બનાવની હકીકત તેણીને વાતો વાતોમાં જાણવા મળેલી, આરોપીઓ તેઓના નજીકમાં રહેતા હોઇ ઓળખે છે.

**(૭.૨.૨.૪)** સદર કામે ફરિયાદપક્ષના **સાહેદ અશ્વીનકુમાર મોહનલાલ પંડયાને આંક–૫૨ થી** સોગંદ ઉપર તપાસેલા છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ કલેકટર કચેરી ખાતે તા.૨૮.૦૬.૨૦૨૦ થી ફોજદારી કલાર્ક તરીકેની ફરજ બજાવે છે. આ કામે ૨૦૧૮ ની સાલમાં નં.એમ.એ. જી/૧/વશી/ ૫૪૫૦ થી ૫૫૦૨/૨૦૧૮ તા. ૦૧.૧૨.૨૦૧૮ થી અધીક જીલ્લા મેં.જી. સાહેબ બી.જી.પ્રજાપતિ નાઓએ ગુજરાત પોલીસ એ.ક. ૬૭

(૧) અન્વયે જાહેરનામુ બહાર પાડેલ જેમાં જે તા. ૦૧.૧૨.૨૦૧૮ થી ૩૧.૧૨.૨૦૧૮ સુધી અમલમાં હતું. જે જાહેરનામુંની ખરી નકલ તેઓને બતાવવામાં આવે છે જેમાં અધિ. જીલ્લા, મેજી સાહેબની સહી અને હોદાનું સીલ છે જે તેઓ ઓળખે છે. જે જાહેરનામું આ કામે આંક–૫૩ થી રજુ થયેલ છે.

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે, તેઓને જાહેરનામાની કોઈ જાત માહીતી નથી, રેકર્ડ આધારીત કલેકટર સાહેબની સહી તેઓ ઓળખે છે, આ જાહેરનામું બહાર પાડવામાં આવેલ તે વખતે તેઓ કચેરીમાં નોકરી કરતા ન હતા.

**(૭.૨.૩) પંચ સાહેદોનો પુરાવો :**

આ કામે ફરિયાદપક્ષ તરફે બનાવવાળી જગ્યાનું પંચ તથા મારક હથિયારનું પંચનામું કરવામાં આવેલ છે. તેના પંચસાહેદોને સોગંદ ઉપર તપાસતા તેઓએ નીચે મુજબની જુબાની અદાલત સમક્ષ આપેલ છે.

**(૭.૨.૩.૧)** આ કામે ફરિયાદપક્ષ તરફે ગુન્હવાળી જગ્યાના **પંચસાહેદ સીધી રસુલભાઇ બચુભાઇને આંક–૨૫** થી સોગંદ ઉપર તપાસતા એવી હકીકત જણાવેલ છે કે, તેઓ આજથી ત્રણ વર્ષ પહેલાં તેમના ઘરે સાગોડયા મુકામે હતો તે વખતે પોલીસે તેઓને પંચનામામા રહેવાનું કહેતા તેઓ પંચ તરીકે રહેલો. તેઓ તેમજ બીજા પંચ ભીખાજી મોહનજી હાજર હતા. શ્રાવણભાઈને વલીભાઈ સાથે જગડો થયેલો જે બાબતે તેઓએ પોલીસને પંચનામુ લખાવેલુ. પંચનામુ વલીભાઈના ઘરે જગડો થયેલ હતો ત્યાં થયેલ

હતુ. તેઓએ પૂર્વ દીશામા સમસુભાઈ ઈબ્રાહીમભાઈનુ ઘર આવેલ છે. ઉતર – દક્ષિણ રસ્તો આવેલ છે. પશ્ચિમ તરફ ઘરો આવેલા છે. પંચનામા વખતે પોલીસે કોઈ વસ્તુ કબજે કરેલ નથી. પંચ– ૧ તરીકે તેઓએ સહી કરેલી. પંચ–૨ તરીકે ભીખાજી મોહનજીએ સહી કરેલી. જે પંચનામું બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે. જેને આ કામે આંક–૨૬ થી રજુ થયેલ છે.

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર પંચસાહેદની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે, તેઓ સાગોડીયા મુકામે રહે છે, બનાવવાળી જગ્યા તેઓએ જોયેલી છે. વધુમાં ડીનાઈલ સ્વરૂપે ઉલટતપાસ કરવામાં આવેલ છે.

**(૭.૨.૩.૨)** સદર કામે ફરિયાદપક્ષના **પંચસાહેદ પ્રકાશજી રામજીજીને આંક–૮૧ થી** સોગંદ ઉપર તપાસતા એવી હકીકત જણાવેલ છે કે, તેઓ ખીમીયાણા મુકામે રહે છે અને મજુરીકામ કરે છે. તેઓને પાંચેક વર્ષ પહેલા પાટણ તાલુકા પો.સ્ટે. કામ અર્થે ગયેલ તે વખતે પોલીસે એક તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ અંગુઠો કરેલો પંચનામામાં શું લખેલ હતુ તે તેઓએ વાંચેલ નથી કે તેઓને વંચાવેલ નથી. તેઓની રૂબરૂ કોઇ ઝઘડા બાબતનું હથીયાર રીકવરીનુ પંચનામુ કરવામાં આવેલ નથી. તેઓને પંચનામુ વાંચી બતાવવામાં આવે છે જે પંચનામામાં પંચ તરીકે તેઓના અંગુઠાનુ નિશાન છે તે જ છે જેને આ કામે આંક–૮૨ થી રજુ થયેલ છે. સદર પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોઇ તેઓને ફરી ગયેલા જાહેર કરી ભારતીય પુરાવા અધિનિયિમ, ૧૮૭૨ ની કલમ–૧૫૪ અન્વયે ઉલટ તપાસ કરવા છતાં કોઇ ફળદાયક તથ્ય રેકર્ડ પર લાવી શકેલ નથી.

જયારે બચાવપક્ષ દ્વારા સદર પંચ સાહેદની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે, તેઓએ તૈયાર પંચનામામાં તેઓની સહી કરેલ તેમજ કોરા કાગળોમાં સહી લીધેલી તે સીવાય કશું જાણતો નથી.

**(૭.૨.૪) તબીબી નિષ્ણાંતનો પુરાવો :**

**(૭.૨.૪.૧)** સદર કામે ફરિયાદપક્ષના **સાહેદ ડો.અંકીતાબેન ગણપતભાઇને આંક–૫૪ થી** સોગંદ ઉપર તપાસતા એવી હકીકત જણાવેલ છે કે, તેણી ગઈ તા.૨૩.૧૨.૨૦૧૮ ના રોજ મેડીકલ ઓફીસર તરીકે ધારપુર હોસ્પીટલમાં ફરજ પર હાજર હતી ત્યારે બપારે ૪–૫૦ વાગે દર્દી પોલીસ યાદી વગર ૧૦૮ માં દર્દી નામે વાલી ભાઈ સુમારભાઈ સુમરા રહે. સગાડીયા ઉ.વ.૫૦ વાળાને સારવાર અર્થે તેઓની હોસ્પીટલમાં આવેલ હતા. આ દર્દી સંભાન અવસ્થામાં હતો આ દર્દીની હીસ્ટ્રી જાતે લખાવેલ. હીસ્ટ્રીમાં લખાવતાં 'મને સામાવાળી પાર્ટીએ તા.૨૩.૧૨.૨૦૧૮ એ કલાક ૩.૩૦ વાગે ઉંધુ ધારીયુ મારેલ.' દર્દીને નીચે મુજબની ઈજા હતી.ઈજા નં.(૧) દર્દીને ડાબા ખંભાની પાછળની બાજુએ સ્કેપ્યુલા હાડકુ આવેલ તે ભાગમાં ૫x૫ સેમીનો લાલ રંગનો ઉજરડા સાથેનો ચકામુ હતું.આ દર્દીને એકસરે કઢાવતાં જેમાં ડાબા સ્ટેપ્યુલા હાડકા તથા એકોમીયાન હાદકાનું ફેકચર હતું દદીને થયેલ ઈજા ગંભીર સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી તાજી અનો જો કોઈ આડ અસર ના થાય તો આસરે ૪ થી ૬ અઠવાડીયામાં મટી શકે તેવી હતી દર્દીને તા.૨૩.૧૨.૨૦૧૮ ના રોજ બહારના દર્દી તરીકે સારવાર આપીને તેજ દિવસે રજા આપવામાં આવેલી. દર્દીનું એકસરે તેણી આજરોજ સાથે લાવેલ. તેણી સદર એકસરેમાં દર્દને ફેક્ચર હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે જે એક્સરે આ

કામે આંક–૫૫ થી રજુ થયેલ છે. તે મતલબનું સર્ટી તા.૩૦.૧૨.૨૦૧૮ ના રોજનું તેણએ આપેલ તેમાં તેણીની સહી છે. સર્ટી તેણીને બતાવવામાં આવે છે તેમાં તેણીની સહી છે જે આ કામે આંક–૫૬ થી રજુ થયેલ છે. તેમજ તે જ દિવસે જુબેદાબેન વાલીભાઈ સુમરા રહે.સાગોડીયા ઉ.વ.૪૦ વાળાને સારવાર અર્થે તેઓની હોસ્પીટલમાં આવેલ હતા. આ દર્દી સભાન અવસ્થામાં હતા આ દર્દીની હીસ્ટ્રી જાતે લખાવેલ.હીસ્ટ્રીમાં લખાવતો 'મને સામાવાળી પાર્ટીએ તા.૨૩.૧૨.૨૦૧૮ એ કલાક ૩.૩૦ વાગે ચકુથીથી માથું છે અને ગડદા પાટુ કર્યુ છે અને મને ભીતે ભટકાઈ છે.' દર્દીને નીચે ગુજબની ઈજા હતી.ઈજા નં.(૧) દર્દીને જમણા હાથમાં વચ્ચેની આંગળી ઉપર ૨ સેમીનો લાંબો કપાયેલો લાલ રંજની ઘા હતી.આ દર્દીને એકસરે કઢાવતાં જેમાં જમણા હાથમાં ત્રીજી આંગળીના મેટા કારપલ હાડકાના હેડનું ફેકચર હતુ. દર્દીને થયેલ ઈજા ગંભીર સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી તાજી અને જો કોઈ આડ અસર ના થાય તો આસરે ૪ થી ૬ અઠવાડીયામાં મટી શકે તેવી હતી દર્દીને તા.૨૩.૧૨.૨૦૧૮ ના રોજ બહારના દર્દી તરીકે સારવાર આપીને તેજ દિવસે રજા આપવામાં આવેલી.દર્દીના બે એકસરે તેણી આજરોજ સાથે લાવેલ છે. સદર એક્સરેમાં દર્દને ફેકચર હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે જે એકસરે રજુ રાખતાં જેને આંક–૫૭ થી ૫૮ આપવામાં આવે છે. તે મતલબનું સટી તા.૩૦.૧૨.૨૦૧૮ના રોજનું તેણીએ આપેલું તેમાં તેણીન સહી છે. સર્ટી તેણીને બતાવવામાં આવે છે તેમાં તેણની સહી છે જે આ કામે આંક–૫૯ થી રજુ થયેલ છે. જે સર્ટીફીકેટને આંક આપવા સામે વાંધો નથી.

ત્યારબાદ તે જ દિવસે જાકીરભાઈ વલીભાઈ સુમરા રહે.સાગોડીયા ઉ.વ.૨૮ વાળાને સારવાર અર્થે તેઓની હોસ્પીટલમાં આવેલ હતો આ દર્દી

સભાન અવસ્થામાં હતા. આ દર્દીની હીસ્ટ્રી જાતે લખાવેલ. હીસ્ટ્રીમાં લખાવતાં 'મને સામાવાળી પાર્ટીએ તા.૨૩.૧૨.૨૦૧૮ એ કલાક ૩.૩૦ વાગે ધારીયાથી મારેલુ છે.' દર્દીને નીચે મુજબની ઈજા હતી.ઈજા નં.(૧) દર્દીને કપાળના મધ્યભાગમાં લાલા રંગનો ૩ x ૦.૫ x ૦.૫ સેમીનો કપાયેલો ઘા હતો, ઈજા નં.(૨) જમણા બાવડા ઉપર ૫ x ૫ સેમીનો લાલ રંગનુ ચકામુ અને સોજો હતો. આ દર્દીને એકસરે કઢાવતાં જેમાં જમણા બાવડાનો એકસરે કઢાવતાં જે નોર્મલ હતો. દર્દીને થયેલ ઈજા સાદી, ધારદાર હથીયાર અને સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી તાજી અનો જો કોઈ આડ અસર ના થાય તો આસરે ૭ થી ૧૦ દિવસમાં મટી શકે તેવી હતી દર્દીને તા.૨૩.૧૨.૨૦૧૮ ના રોજ બહારના દર્દી તરીકે સારવાર આપીને તેજ દિવસે રજા આપવામાં આવેલી. તે મતલબનુ સર્ટી તા.૩૦.૧૨.૨૦૧૮ ના રોજનું તેણીએ આપેલુ તેમાં તેણીની સહી છે. સર્ટી તેણીને બતાવવામાં આવે છે તેમાં તેણની સહી છે જે રજુ આંક ૬૦ આપવામાં આવે છે.જે સર્ટીફીકેટને આંક આપવા સામે વાંધો નથી.

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે, ઉપરોકત ત્રણેય સર્ટીમાં કેસ હીસ્ટ્રીમાં આરોપીના નામ લખાવેલ નથી. કેસ હીસ્ટ્રીમાં કયા ભાગમાં ઈજા થયેલ તે દર્દીએ લખાવેલ નથી. તેઓ ઓર્થોપેડીક અભ્યાસ કરેલ નથી, ફ્રેકચર અંગેનો અભિપ્રાય તેઓ આપી શકે નહિં. ઝુબેદાબેનને શરીરની કયા ભાગમાં માર મારેલ તે તે તેમના સર્ટીફીકેટમાં જણાવેલ નથી, દર્દી નામે જાકીરભાઇ વલીભાઈ સુમરાને ઈજા સીધી હતી કે આડી હતી તે તેમના સર્ટીમાં જણાવેલ નથી. વધુમાં ડીનાઈલ સ્વરૂપે ઉલટતપાસ કરવામાં આવેલ છે.

**(૭.૨.૪.૨)** સદર કામે ફરિયાદપક્ષના **સાહેદ ડો.હાર્દીક ગોવિદભાઇને આંક–૬૮** થી સોગંદ ઉપર તપાસતા એવી હકીકત જણાવેલ છે કે, તેઓ ગઈ તા.૨૪.૧૨.૨૦૧૮ ના રોજ હર્ષ ઓર્થોપેડીક હોસ્પીટલ પાટણ ખાતે ફરજ પર હાજર હતા ત્યારે બપોરે ૧.૦૦ વાગે દર્દી પોલીસ યાદી વગર દર્દી નામે વલીભાઈ સુમારભાઈ સુમરા રહે.સાગોડીયા ઉ.વ.૫૦ સારવાર અર્થે તેઓની હોસ્પીટલમાં આવેલ હતા. આ દર્દી સભાન અવસ્થામાં હતા અને તેમણે જણાવેલ કે, તેમને સીકલ વડે હુમલો કરવામાં આવેલ તેમણે છાતીની પાછળના ઉપરના ભાગે વાગેલુ હતુ તેમજ દુખાવો થતો હતો પેસેન્ટ વાઇટલ સામાન્ય હતા દર્દીને તપાસતાં નીચે મુજબની ઇજા હતી.ઇજા નં.૧) દર્દીને છાતીના પાછળના ભાગે ડાબી બાજુ લાલ કલરનો ૫x૨ સેમીનો ચકામો હતો. આ દર્દીને એકસરે કઢાવતાં તેના સ્કેપ્યુલા હાડકામાં ફેકચર જણાઈ આવેલ હતુ દર્દીને સારવાર આપ્યા બાદ તે જ દિવસે દર્દીને હોસ્પીટલમાંથી રજા આપવામાં આવેલ ઉપરની ઈજા ૨૪ કલાકમાં થયેલ હોય તેવી જણાઈ આવેલ હતુ અને ઇજા શખત અને બોથડ હથીયાર વડે થઈ શકે તેવી હતી તથા અને જો કોઈ આડઅસર ના થાય તો આઠથી દસ વીકમાં મટી શકે તેવી હતી. તે ઈજાનો પ્રકાર ગંભીર પ્રકારનો હતો તે મતલબનું સર્ટી તા.૨૭.૧૨.૨૦૧૮ ના રોજનું મે આપેલુ તેમાં તેઓન સહી છે. સર્ટી તેઓને બતાવવામાં આવે છે તેમાં તેમની સહી છે જે રજુ આંક–૬૯ આપવામાં આવે છે. જે સર્ટીફીકેટને આંક આપવા સામે વાંધો નથી.

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે, તેઓ જે સર્ટીફીકેટ આપેલ તેમાં ઇજા

પહોંચડાનાર આરોપીઓના નામ લખેલ નથી, ઈજા સીધી હતી કે આડી હતી તે પણ સર્ટીફીકેટમાં લખેલ નથી, દર્દીને છાતીના પાછળના ભાગે કોઈ લોહી નિકળેલ ન હતુ, જો કોઈ ગટરનો ખાડો કોદાળીથી ખોદતો હોય અને જો કોદાળી છાતીના પાછળના ભાગે વાગે તો આવી ઈજા થઈ શકે.

## (૭.૨.૫) પોલીસ સાહેદોનો પુરાવો :

સદર કામે ફરિયાદપક્ષના **તપાસ કરનાર અધિકારી ખુશ્બુબેન ત્રીકમલાલને આંક–૬૨** થી સોગંદ ઉપર તપાસતા એવી હકીકત જણાવેલ છે કે, તા.૨૪.૧૨.૨૦૧૮ ના રોજ તેઓ એ.એસ.આઈ પાટણ તાલુકામાં ફરજ બજાવતી હતી દરમ્યાન પાટણ તાલુકા પો.સ્ટે ગુના. સે.રજી.નં. ૫૨/ ૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૨૩,૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જીપીએકટની કલમ ૧૩૫ મુજબની તપાસ પી.એસ.ઓ શ્રી જીવાભાઈ મફાભાઇનાઓએ તેઓને સોપતા તેઓએ તપાસ સંભાળી લીધેલી. જે ડેપ્યુટ હુકમ આ કામે આંક–૬૩ થી રજુ કરેલ છે. આરોપીઓને અટક કરેલા અને ગુન્હાવાળી જગ્યાનુ તેમજ મારક હથીયારનું પંચનામું કરેલુ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને કામમાં સામેલ રાખેલ. આરોપીઓને નામદાર સુપ્રિમ કોર્ટની ગાઇડ લાઇન મુજબ પોલીસ સ્ટેશનમાંથી મુકત કરેલા. જીલ્લા મેજી.શ્રીની જાહેરનામાનો હુકમ કામમાં સામેલ રાખેલ અને ડોકટર પાસેથી ઈજા પામનારનુ સર્ટી મેળવીને કામમાં સામેલ રાખેલ. આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો હોઈ ચાર્જસીટ કરેલુ. આરોપીને તેઓ ઓળખે છે. કોર્ટમાં હાજર છે.

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર તપાસ કરનાર અધિકારીની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે, તેઓ તપાસના કામે ફરીયાદ વાંચેલી, તેઓ અસમાબેન જાકીરભાઇનુ નિવેદન લીધેલુ, અસમાબેન ફરીયાદીના પત્ની થાય છે. તેઓ સરીફાબેન રમજાનભાઇનુ નિવેદન લીધેલુ, શરીફાબેન ફરીયાદીના ભાભી થાય છે તેવુ તપાસમાં ખુલેલુ, રોશનબેન ફરીયાદીના બહેન થાય છે, વલીભાઈ ફરીયાદીના પિતા છે અને ઝુબેદાબેન ફરીયાદીની માતા છે, તપાસના કામે ફરિયાદીના કુટુંબી સિવાયના સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી, બનાવવાળી જગ્યાએ જાહેર રસ્તો છે. બનાવવાળી જગ્યાનુ પંચનામુ તેઓએ કરેલુ. બનાવવાળી જગ્યાએ જપાજપીના નિશાન મળી આવેલ નથી. બનાવવાળી જગ્યાએ લોહીના નિશાન મળી આવેલ નથી. મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ નથી. ધારીયા ઉપર લોહીના નિશાન મળી આવેલ નથી. તપાસના કામે સાગોડીયા જવાનુ થયેલ, બનાવ બાદ ફરીયાદી તથા સાહેદો પોત પોતાની રીતે ધંધો મજુરી કરતા હતા અને રહેતા હતા. બનાવ બાદ ગભરાઇને કોઇએ ગામ છોડીને ચાલ્યા ગયેલ હોય તેવુ બનેલ નથી, ફરીયાદમાં ચોકકસ કઇ ગાળ બોલેલ તે જણાવેલ નથી. તેઓ હોસ્પીટલમાંથી જાકીરભાઈ તેમજ જુબેદાબેન મેડીકલ સર્ટીફીકેટ મેળવેલ. આ સર્ટીફીકેટમાં હીસ્ટ્રીમાં કોણે માર મારેલ તેના નામ લખાવેલ નથી. પાટણ તાલુકા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૫૨/૨૦૧૮ તેમજ ૫૩/૨૦૧૮ ની બંને ગુનાની તપાસ તેઓએ કરેલી. પાટણથી સાગોડીયા જવા માટે સાધનથી ૧૫ થી ૨૦ મીનીટ થાય. ૧૦૮ ને શરીફાબેને બોલાવેલી. તપાસના કામે ૧૦૮ ના કર્મચારીનુ નિવેદન લીધેલ નથી. વધુમાં ડીનાઈલ સ્વરૂપે ઉલટતપાસ કરવામાં આવેલ છે.

**(૭.૩) પુરાવાનો બોજો :**

પુરાવા અધિનિયમના એ સિધ્ધાંત છે કે, જો ફરિયાદીની એકમાત્રની જુબાની વિશ્વાસપાત્ર અને માનવા લાયક હોય તો તે આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય. સાથે સાથે પુરાવા અધિનિયમનો એવો પણ સિધ્ધાંત છે કે, આરોપી સામેનો કોઈ પણ અપરાધ હંમેશા વ્યાજબી શંકાથી પર પુરવાર થવો જોઈએ. તેમાં સહેજ પણ શંકા ઉદ્‌ભવે તો તેનો લાભ હંમેશા આરોપીને મળવાપાત્ર છે. ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ પુરાવાના મૂલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ નથી અનેતે માટે કાનૂની સમર્પિત કોઈ નિયમ નથી. જેથી પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકત અને સંજોગો ઉપર આધારિત છે અને પુરાવાના મૂલ્યાંકન આધાર **ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩** માં કરવામાં આવેલી સાબિતી અને નાસાબિતી વ્યાખયા ઉપર આધારિત છે. વધુમાં સાબિત થયેલી હકીકત કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલ બાબત ઉપરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતને અસ્તિત્વ હોવાનું માને તો તે હકીકત સાબિત થયેલી છે તેવું ગણાય. વધુમાં ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો હંમેશા ફરિયાદપક્ષ ઉપર રહેલ છે. ફરિયાદપક્ષ પોતાનો કેસ વ્યાજબી શંકાથી પરે સાબિત કરવાનો હોય છે અને દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારીમાં હોતી નથી. તેમ જ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી.

વધુમાં પુરાવાના મૂલ્યાંકન સંબંધે ફોજદારી કેસમાં પુરાવો ફરિયાદીની

તરફેણમાં હોય એટલી સ્થિતિ આરોપીને સજા કરવા માટે પર્યાપ્ત ગણી શકાય નહી. આવો પુરાવો તમામ પ્રકારની શંકાનુ નિવારણ કરે તેવો હોવો જોઇએ. સાંયોગિક પુરાવાના આધારે આરોપીએ જ કહેવાતો ગુનો કર્યો હતો એવી શંકા બળવતર બનતી હોય તો તેમાંથી આરોપી ગુનેગાર હોવાનુ તારણ નીકળી શકે તેવો ન હોય તો તે પુરાવો સજા માટેનો આધાર બની શકે નહી. આરોપીએ જ ગુન્હો કર્યો હતો તેવા અનુમાનને ન્યાયોચિત ઠરાવવા માટે તે તરફ દોરી જતા સાંયોગિક પુરાવા આરોપી નિદોર્ષ હોવાના અનુમાન સાથે પૂરેપૂરી રીતે વિસંગતા હોવા જરૂરી છે. આરોપી નિદોર્ષ હોવાનું અનુમાન કરતા તે ગુનેગાર હોવાનું અનુમાન બળવતર ન હોય ત્યાં સુધી આરોપીને સજા કરી શકાય નહી. ફોજદારી કેસમાં ગુન્હો પુરવાર કરવા રજુ થયેલ પુરાવામાં વ્યાજબી કે સંભવિત કહી શકાય તેવો નિદોર્ષપણાનો થોડો પણ અંશ જણાઈ આવે તો પણ તેઓ લાભ આરોપીને આપવાનો રહે છે.

**(૭.૪) પુરાવાનું મૂલ્યાંકન –**

આ કામે આરોપી વિરૂદ્ધ ઉપર જણાવ્યા મુજબનું તહોમત મૂકી, ગુનો કરેલાનો આક્ષેપ વ્યાજબી શંકાથી પરે પુરવાર થયેલ છે કે કેમ? તે નક્કી કરવા આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું બારીકાઈથી મૂલ્યાંકન કરવાનું રહે.

ફરિયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનુ મૂલ્યાંકન કરતા આ કામે સૌપ્રથમ બનાવવાળા સ્થળ બાબતે પુરાવો ઘ્યાને લેવામાં આવે તો ફરિયાદીએ તેની જુબાનીમાં બનાવ ઘરમાં બનેલ હોવાનું જણાવેલ છે તેમજ ઈજા પામનાર સાહેદ વલીભાઈ સુમરાભાઈ તથા

જુબેદાબેન વલીભાઈ તથા રોશનબેન વલીભાઈનાઓએ પણ બનાવ ઘરમાં બનેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આ કામે બનાવવાળા સ્થળનું પંચનામુ આંક–૨૬ થી રજુ થયેલ છે. જેમાં બનાવનું સ્થળ જાકીરભાઈ વલીભાઈ મુસલમાનના ઘર આગળ જાહેર રસ્તા ઉપર આવેલ હોવાનું જણાવેલ છે અને સદર પંચનામા વખતે બનાવનુ સ્થળ સરીફાબેન રમઝાનભાઈનાઓને બતાવેલ હોવાનું જણાવેલ છે અને શરીફાબેન તેઓની આંક–૫૦ ની જુબાનીમાં પણ બનાવ ઘરની બહાર બનેલ હોવાનું જણાવેલ છે. તેથી બનાવ ખરેખર ઘરની અંદર કે ઘરની બહાર બનેલ છે તે બાબતે મહત્વનો વિરોધાભાષ ફરિયાદી તથા સાહેદોની જુબાની ઉપરથી રેકર્ડ ઉપર આવેલ છે તેથી બનાવ સ્થળ બાબતે શંકા ઉત્પન્ન થાય છે.

વધુમાં આ કામે ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપીઓ તેઓના ઘર આગળની નીકળતા તે તેઓને પસંદ ન હતું, બનાવ બન્યા પહેલાંથી તેઓ આરોપીને ઓળખે છે અને તેઓને એકબીજાના ઘરે જવાના સંબંધ નથી. વધુમાં અન્ય સાહેદોએ પણ તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ અને ફરિયાદી વચ્ચે બનાવ પહેલાંથી બોલવાના સંબંધ નથી અને આરોપીઓએ પૈકી ભાવનાબેને તેમના ઉપર ફરિયાદ કરેલ. તેમજ ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એવો પણ સ્વીકાર કરેલ છે. આરોપીઓએ તેમના વિરૂઘ્ધ ફરિયાદ કર્યા બાદ તેઓએ આરોપીઓ વિરૂદ્ધ અરજી કરેલી. સદર હકીકતથી એવું જણાય આવે છે કે, હાલના આરોપીએ ફરિયાદી તથા તેમના કુટુંબીજનો વિરૂદ્ધ ફરિયાદ કરેલ હોવાથી તેની અદાવત રાખી હાલના ફરિયાદીએ સદર કેસ કરેલ હોવાનું જણાય આવે છે તેથી પણ ફરિયાદીની

ફરિયાદમાં શંકા ઉત્પન્ન થાય છે.

વધુમાં આ કામના ફરિયાદી તથા અન્ય સાહેદો આરોપીઓને બનાવ પહેલાંથી નામથી જાણતા હોવાનું જણાવેલ છે.પરંતુ ફરિયાદી કે ઈજા પામનારે ડોકટર રૂબરૂની હિસ્ટ્રીમાં આરોપીઓના નામ કયા કારણથી લખાવેલ નથી તે જોતાં ખરેખર આરોપીઓએ ફરિયાદીને કે અન્ય સાહેદને માર મારેલ હોવા બાબતે શંકા ઉત્પન્ન થાય છે.

વધુમાં આ કામે તપાસવામાં આવેલ સાહેદ શરીફાબેન રમઝાનભાઈ આંક–૫૦ થી તેઓની જુબાનીમાં એવું જણાવેલ છે કે, શ્રવણ બનાવ સમયે રોશનને ગાળો બોલતો હતો તેથી તેમના દિયર ઝાકીરે ગાળો કેમ બોલે છે તેવું કહેતા શ્રવણભાઈએ ઝાકીરભાઈને માથે કપાળમાં મારેલું. જયારે આ કામના ફરિયાદી તથા અન્ય સાહેદ તેઓની જુબાનીમાં તેવું જણાવેલ છે કે, ફરિયાદીના બહેન રોશનબેન ઘરની અંદર હતા ત્યારે શ્રવણભાઈએ તેમનો હાથ પકડેલો તેથી રોશનબેને બૂમાબૂમ કરતા હાલનો બનાવ બનેલો. તે બંન્ને હકીકત ધ્યાને લેતાં ખરેખર કયા કારણસર બનાવ બનેલો છે તે અંગે પણ વિરોધાભાષ રેકર્ડ ઉપર આવેલ હોય ફરિયાદીની ફરિયાદમાં શંકા ઉત્પન્ન થયેલ છે.

વધુમાં ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એવું જણાવેલ છે કે, તેઓને લોહી આવેલુ અને શર્ટ પલળી ગયેલું. જયારે ગુનાવાળી જગ્યાના પંચનામામાં કોઈ લોહીના નિશાન મળેલ હોય તેવું જણાવેલ નથી કે ડોકટરે તેઓની જુબાનીમાં ફરિયાદીને લોહી આવેલ અને તેમનું શર્ટ લોહીથી પલળી ગયેલ હોય તેવું જણાવેલ નથી. તેથી ફરિયાદીની જુબાની તથા ફરિયાદમાં મહત્વના ઘણા વિરોભાષ રેકર્ડ ઉપર આવેલ છે.

વધુમાં ફરિયાદીએ તેમની જુબાનીમાં એવું જણાવેલ છે કે, તેમને વધુ મારમાંથી તેમની પત્ની તથા તેમની ભાભી શરીફાબેને છોડાવેલ જયારે તેમની પત્ની અસમાબેન ઝાકીરભાઈને કોર્ટ સમક્ષ તપાસતા આંક–૫૧ થી એવી જુબાની આપેલ છે કે, બનાવ વખતે તેઓ નાહવા બેઠેલ હતા અને બનાવ પૂરો થઈ ગયા પછી તેઓના સસરાને દવાખાને લઈ ગયા બાદ તેઓ ઘરમાંથી બહાર આવેલ અને તેઓએ માથાકૂટ ઝઘડો જોયેલ નથી. સદર સાહેદ ફરિયાદીના પત્ની હોય તેઓ સોગંદ ઉપર ખોટી જુબાની આપવાનુ કોઇ કારણ જણાતુ નથી અને ફરિયાદીએ જણાવેલ હકીકતમાં વિરોધાભાષ રેકર્ડ ઉપર આવેલ છે.

આ કામે ફરિયાદી તથા સાહેદોએ તેમની જુબાનીમાં બનાવ સમયે આજુબાજુના લોકો પણ એકત્રિત થઈ ગયેલ હોવાનુ જણાવેલ છે. જયારે આ કામે ફરિયાદીના કુટુંબીજનો સિવાય અન્ય કોઈ તટસ્થ બનાવના નજરે જોનાર સાહેદોના નિવેદન પણ લેવામાં આવેલ નથી કે આ કામે તપાસવામાં પણ આવેલ નથી. વધુમાં આ કામના ત.ક.અધિકારીએ તેઓની જુબાનીમાં સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા જાહેર રસ્તો છે તેમજ તપાસના કામે ફરિયાદીના કુટુંબી સિવાયના સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી તેથી બનાવવાળી જગ્યા જાહેર રસ્તો હોઈ ત્યાંથી સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેવું હોય તેમ છતાં સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ ન હોય ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થાય છે.

વધુમાં ફરિયાદી તથા અન્ય સાહેદોએ એવું જણાવેલ છે કે, આ કામના આરોપી શ્રવણભાઈ તેઓના ઘરમાં જતા રહેલા પણ કોઈએ પણ તેમને ધારીયુ લઈને તેમના ઘરના કોઇ વ્યક્તિને ઈજા કરવા અથવા ઈજાનો

ભય ઉભો કરવા ઘરમાં ગયેલ હોય કે આરોપીને ધારીયુ લઈને ઘરમાં જતા જોયેલ પણ હોય તેવો કોઈ પુરાવો આપેલ નથી તેથી આરોપીના હાથમાં ધારીયુ કઇ રીતે આવેલુ તે બાબતે કોઇ હકીકત ફરિયાદ કે પુરાવામાં જણાવેલ નથી તેમજ આ કામે આરોપી પાસેથી મુદ્દામાલ ધારીયુ કબજે કરેલ તે પંચનામાના પંચસાહેદ ફરી ગયેલા જાહેર થયેલ હોય અને પંચનામાની કોઇપણ હકીકતને સમર્થન કરેલ ન હોય કહેવાતો મુદ્દામાલ આરોપી પાસેથી કબજે કરેલ હોવાનુ કે મુદ્દામાલ બનાવ સમયે આરોપી પાસે હોવા અંગે પણ ગહન શંકા ઉત્પન્ન થાય છે. આમ ફરિયાદી તથા અન્ય તમામ સાહેદોનો પુરાવો અને મેડીકલ પુરાવા વચ્ચે વિસંગતતા જણાય છે તેમજ આ કામે અન્ય કોઈ તટસ્થ સાહેદો તપાસવામાં આવેલ ન હોય ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થતી હોય તે સમયે ફરિયાદીને ઈજા થયેલ હોય તેવું માની શકાય પરંતુ ફરિયાદમાં જણાવ્યા મુજબની બનાવ બનેલ હોવા અંગે સમર્થન મળતું ન હોય સદર હકીકત તેમજ ફરિયાદ વ્યાજબી શંકાથી પરે પુરવાર થઈ શકેલ નથી.

**(૭.૫) આખરી તારણ :**

આમ ફરિયાદપક્ષ દ્વારા રેકર્ડ ઉપર જે પુરાવો રજુ થયેલ છે તે પુરાવામાં બનાવ બનેલાની હકીકત સંબંધે માર મારવાની હકીકત સંબંધે મહત્ત્વનો વિરોધાભાષ રેકર્ડ ઉપર આવે છે અને આરોપી અને ફરિયાદી વચ્ચે સામસામી ફરિયાદી થયેલ હોઈ, તેના કારણે ફરિયાદીએ હાલના આરોપીઓ ઉપર ખોટો કેસ કરેલ હોવાની શકયતા જણાઈ આવે છે અને ફરિયાદીની ફરિયાદ અને બનાવ બનેલાની હકીકત સચ્ચાઈ અને વિશ્વસનીયતા જણાય આવતી નથી

અને ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થાય છે. ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થતી હોય ત્યારે **૧૯૯૭(૧) જી.સી.ડી.પેઈઝ નં.૮, ગુજરાત, રાયસિંગ લાલસિંગ દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના** કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદપક્ષના કેસમાં મહત્ત્વનો વિરોધાભાષ રહેલ હોય અને ફરિયાદી સાહેદો જણાવતા હોય તેવો બનાવ 'ડાઉટફુલ' જણાતો હોય તો તેવા સંજોગોમાં આરોપીને 'બેનીફીટ ઓફ ડાઉટ' નો લાભ મળે છે. આમ, સદર ચુકાદામાં પણ જણાવેલ છે કે, સાહેદોની જુબાનીમાં જયારે મહત્ત્વનો વિરોધાભાષ રહેલ હોય ત્યારે તેવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીને સજા કરી શકાય નહી. ફરિયાદપક્ષની એ જવાબદારી છે કે, તેમણે સચોટ, સાચો અને વિશ્વસનીય પુરાવો રજુ કરવો જોઈએ. 'ક્રિમિનલ જયુરીસ્પુન્ડન્સ' નો પાયાનો સિધ્ધાંત ધ્યાનમાં લેવામાં આવે તો ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પરે સાબિત કરવો જોઈએ અને તે પણ સચોટ અને વિશ્વસનીયત પુરાવાથી અને ફરિયાદપક્ષના પુરાવામાં થોડી પણ વિશ્વસનીયતા ઘટે તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. હાલના કેસમાં પણ રજુ થયેલ મૌખિક પુરાવામાં સચ્ચાઈ અને વિશ્વસનીયતા જણાય આવતી નથી અને મહત્વનો વિરોધાભાષ રેકર્ડ ઉપર આવેલહોય ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થાય છે ત્યારે ફરિયાદપક્ષ આરોપી સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૨, ૩૨૫, ૩૨૩ મુજબના ગુનાના આવશ્યક તત્વો શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

વધુમાં આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૪ મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે, આ ગુનો સાબીત કરવા માટે ફરીયાદપક્ષે બનાવ સમયે આરોપીઓએ ફરીયાદી

અને સાહેદોને જાહેરમાં અપમાન કરવા માટે કયાં ચોકકસ શબ્દો ઉચ્ચારેલા તે ફરીયાદમાં તેમજ અદાલત સમક્ષના પુરાવામાં લાવવા જરૂરી છે, કારણ કે જો આવા શબ્દો રેકર્ડ ઉપર આવેલ હોય તો જ અદાલત આરોપીઓ ધ્વારા બોલાયેલા તે શબ્દો ઈરાદાપૂર્વક અપમાનીત કરવાના ઈરાદાથી અને શાંતીનો ભંગ થાય તથા ફરીયાદી ઉશ્કેરાઈ તેવા હેતુથી બોલેલા હતાં તેવું પુરવાર થઈ શકે તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ ની જોગવાઈઓ તથા કાયદાકીય પરિસ્થિતી વંચાણે લેતા આ કામના ફરીયાદીએ તેની જુબાનીમાં અને ફરીયાદમાં આરોપીઓએ ભુંડી ગાળો કાઢેલ હોવાનું જણાવેલ છે, પરંતુ ફરીયાદમાં કે જુબાનીમાં આરોપીઓએ ''સ્પેશીફીક'' શું ગાળો કાઢેલી કે શું શબ્દો ઉચ્ચારેલા તે સ્પષ્ટતાથી જણાવેલ નથી. આમ, આરોપીઓ ધ્વારા શું ગાળો કાઢવામાં આવેલ તે ''સ્પેશીફીક'' તેની ફરીયાદમાં કે જુબાનીમ જણાવેલ ન હોય જે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દં ડ સંહિતાની કલમ–૫૦૪ મુજબનું તહોમત પણ શંકાથી પર રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

વધુમાં આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬ (૨) મુજબનુ તહોમત મુકવામાં આવેલ છે તે સંબંધે ફરિયાદપક્ષે ફરિયાદી તથા સાહેદોને આરોપીઓએ આપેલ ધમકી સંબંધે તેઓને ભયના ઓથાર થળે જીવવુ પડેલ હોય તેવી પણ કોઈ હકીકત કોર્ટ સમક્ષ આવેલ નથી ત્યારે **નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ રાજ્ય, ૨૦૦૭(૧), જી.એલ.એચ.૩૩૭ ના** ચુકાદામાં ઠરાવેલ છે કે, મારી નાખવાની ધમકી ખરેખર ફરિયાદી કે ભોગ બનનારના જીવમાં ભય અને ગભરાટ ઉભો કરતી હોવી જોઈએ અને આવી ધમકીથી ફરિયાદી કે ભોગ–

બનનારને ડર ઉદ્ભવેલો હોય તેવું લાગવું જોઇએ. ઉપરોકત ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ધમકી અંગેનુ તહોમત પુરવાર કરવા આરોપીએ ચોકકસ કયા શબ્દોમાં ધમકી આપેલી અને આવી ધમકીને કારણે ભોગ–બનનાર મૃત્યુની ભીતિમાં તથા ડરમાં આવી ગયાની હકીકત સાબિત કરવી જોઇએ. જયારે હાલના કેસમાં ફરિયાદી તથા સાહેદોને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનુ જણાવેલ છે પરંતુ તેઓએ તેમની ઉલટતપાસ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓ તેમના ગામે રહે છે અને પોત પોતાના ધંધા શાંતિથી કરે છે. તેથી આરોપીઓએ આપેલ ધમકીના કારણે તેઓનુ જીવન ભયભીત બની ગયેલ હોય કે પોતાનુ રોજિંદુ કામકાજ કોઈપણ જાતના ભય વગર કરી શકતા ન હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી જેથી ફરિયાદપક્ષ આરોપી વિરૃધ્ધનું ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબનું તહોમત શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

વધુમાં આરોપીઓ ઉપર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૧૩૫ મુજબના ગુનાની તહોમત છે ત્યારે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૩૭ ની જોગવાઈ મુજબ જાહેરનામુ જાહેર જનતાના ધ્યાન ઉપર આવે તે રીતે પ્રિસધ્ધ કરવાનું ફરજીયાત હોય અને જયાં સુધી આવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ ન હોય ત્યાં સુધી ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ નો ભંગ થયેલ હોય તેવું કહી શકાય નહી. આ કામે આવું કોઈ જાહેરનામાની પ્રિસધ્ધિ બાબતે કોઈ સચોટ પુરાવો રેકર્ડ પર આવેલ ના હોય જેથી જાહેરનામાને માની શકાય નહી. જેથી ફરિયાદપક્ષ આ કામના આરોપીએ બનાવ સમયે હથિયાર ધારણ કરી, જાહેરનામાનો ભંગ કરી

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૮.૭) આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવા ઉપરથી આરોપીઓ સામેનો આક્ષેપિત ગુના પુરવાર કરવા માટે કોર્ટ સમક્ષ જે સચોટ ને આધારભૂત પુરાવો રજુ કરવો જોઈએ તેવો કોઈ પુરાવો રજુ કરી શકેલ નથ અને રજુ થયેલ પુરાવામાં મહત્વનો વિરોધાભાષ રેકર્ડ ઉપર આવેલ હોય અને ફરિયાદી તથા સાહેદોના પુરાવામાં સચ્ચાઈ અને વિશ્વસનીયતા જણાય આવતી નથી. તેથી આ કામના તહોમતદારે ફરિયાદીને ફરિયાદી તથા સાહેદો સાથે ધારીયા જેવા હથિયાર વડે માર મારી, ઈજાઓ કરી મે.જિલ્લા. મેજી.શ્રીના જાહેરનામાનો ભંગ કરી ભારતીયો દંડ સંહિતાની કલમ–૪૫૨, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબના ગુનઓ અંગેનો આક્ષેપો સાબિત થતા નથી. જેથી ફરિયાદીપક્ષ પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ તથા ક્રિમિનલ જયુરીસ્પ્રુન્ડન્સના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર વ્યાજબી શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં ફરિયાદીના કેસમાં શંકા ઉદભવે છે. જેનો લાભ આરોપીઓને મળવાપાત્ર છે અને પુરાવો ફરિયાદીની તરફેણમાં ન હોય આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ ઉપરોકત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ ની હકીકત શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ 'નકારમાં' આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

**(૧)** આ કામના આરોપી નં. (૧)પ્રજાપતી સાવન ઉર્ફે શ્રવણભાઇ મંગળભાઇ, ઉ.વ.૨૩, (૨) પ્રજાપતી દીપ ઉર્ફે દીપકભાઇ મંગળભાઇ, ઉ.વ.૧૮ (૩) પ્રજાપતી ભાવનાબેન વા/ઓફ મંગળભાઇ, ઉ.વ.૪૫, તમામ રહે. સાગોડીયા, તા.સરસ્વતી જી.પાટણવાળાને ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૪૫૨, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ–૧૩૫ મુજબ ગુનામાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે બાદ નિયમ અનુસાર નાશ કરવો.

**(૩)** આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામે હાજર રહેવા, સદર હુકમના તારીખથી છ માસના સમયગાળા માટે રૂપિયા ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભાળવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૪–૦૬–૨૦૨૬

મુકામ : સરસ્વતી **(કુ.મેધાબેન મહેશકુમાર નવધરે)**



ફોજદારી ન્યાયાધીશ પ્રથમ વર્ગ,
સરસ્વતી [GJ01715]